# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ, આ.કૃ.યુ. ખાતે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના લાભાર્થીઓ માટે સમ્મેલન નું આયોજન

માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીએ ૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ બિહારના ભાગલપુર ખાતે થી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાનો ૧૯મો હપ્તો બહાર પાડ્યો હતો. તેનું જીવંત પ્રસારણ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ.અરણેજ, ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને ખેતીવાડી ખાતું અમદાવાદના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલ હતું. જેમાં કુલ ૧૦૪૫ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધેલ હતો. સમારોહ દરમિયાન વડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદી લાઈવ ટેલિકાસ્ટ દ્વારા ખેડૂતો સાથે વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા.સદર કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે ડ્રોન,સોલર વોટર પમ્પ,પ્રાકૃત્રિક ખેતી વગેરે વિષયો પર નિદર્શનો ગોઠવવામાં આવેલ. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ વિભાગો,એનજીઓ,તથા ખાનગી કંપનીઓ દ્વારા સ્ટોલ પણ ઈવેન્ટના સ્થળએ ઉભા કરવામાં આવ્યા હતા. કેન્દ્રના વડા ડો. બી. એચ. પંચાલએ મેહમાનો નું શાબ્દિક સ્વાગત કરી કૃષિ વિજ્ઞાન કેન્દ્રની પ્રવૃતિયો થી સર્વેને માહિતગાર કર્યા હતા.

સદર કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ડો. હસમુખભાઇ પટેલ,મા.સાંસદ,અમદાવાદ (પૂર્વ) એ સમગ્ર કાર્યક્રમ ની રૂપરેખા નો ચિતાર આપેલ..શ્રીમતિ કાંચનબા વાઘેલા,પ્રમુખશ્રી,જિલ્લા પંચાયત, અમદાવાદએ હાજર રહી કાર્યક્રમને દીપાવ્યો હતો.

કાર્યક્રમના અંતે જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રીહિતેશ ભાઈ પટેલએ આભાર વિધિ કરેલ.



